## જન્મદિને વધામણી



**મહેન્દ્રભાઈ ત્રિવેદી**
અધ્યક્ષ
પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
મો. ૯૮૨૫૦ ૩૫૮૩૩



**જિતેન્દ્ર વી શાહ**
કારોબારી સભ્ય
ગુજરાત ઈતિહાસ પરિષદ
મો. ૯૪૨૮૮ ૦૩૨૫૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# નગરમાં સંત ભોજલરામ જયંતી ઉજવાઈ





શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સંત શ્રી ભોજલરામની જન્મજયંતી ધામધૂમથી ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે એક શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું. સેક્ટર-૭માં ભોજલરામ મંદિર ખાતેથી આ શોભાયાત્રાને પૂર્વ મંત્રી દિલીપ સંઘાણીએ પ્રસ્થાન કરાવ્યું હતું. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા આ શોભાયાત્રાનું પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજના પ્રમુખ કુંવરજીભાઈ પટેલ, ટ્રસ્ટીઓ અને સભ્યો દ્વારા ભોજલરામબાપાની આરતી અને પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ભારતમાં સૌથી મોટો બિઝનેસ
ધર્મનો છે
બીજો સૌથી મોટો બિઝનેસ
રાજનીતિ છે
ત્રીજો સૌથી મોટો બિઝનેસ
દલાલીનો છે
અને આ ત્રણેય બિઝનેસ
ટૅક્સ ફ્રી છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૨૫, ૯.૪૫

**સ્ક્રીન-૩**
બાહુબલિ-૨
૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૧૨.૩૦, ૫.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(હિન્દી, ૩ડી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૦.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૧.૦૦

# આઈઆઈટી, ગાંધીનગર દ્વારા કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો

## કાર્પેન્ટરી, વાયરિંગ, વેલ્ડીંગ, ફિટીંગ, શીટ મૅટલ મશીનીંગ, પ્લમ્બિંગની તાલીમ વિનામૂલ્યે અપાશે

ગાંધીનગર, તા. ૧૧

આઈઆઈટી, ગાંધીનગર દ્વારા આયોજિત કૌશલ્ય વિકાસ કોર્સમાં વિવિધ પ્રકારના ૭ અઠવાડિયાના અભ્યાસક્રમો વિનામૂલ્યે શરૂ કરવામાં આવ્યા છે. આ કોર્સમાં પ્રવેશ માટે છેલ્લી તારીખ ૧૫મી મે, ૨૦૧૭ નિયત કરવામાં આવી છે.

કાર્પેન્ટરી (સુથારીકામ), વાયરિંગ, વેલ્ડીંગ, ફિટીંગ, શીટ મૅટલ, મશીનીંગ, પ્લમ્બિંગ જેવા અભ્યાસક્રમો સંસ્થા દ્વારા વિનામૂલ્યે શરૂ કરવામાં આવ્યા છે. અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે આઈઆઈટી, પાલજ ખાતે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે અથવા આ અંગેની વધુ જાણકારી માટે પ્રોજેક્ટ સંયોજકનો મોબાઈલ નંબર ૭૮૧૯૮ ૫૯૭૫૧ના માધ્યમથી ઓફિસ સમય દરમિયાન સંપર્ક કરવાનો રહેશે. આ અભ્યાસક્રમો તારીખ ૨૨મી મે થી ૭મી જુલાઈ સુધી સવારે ૧૦થી સાંજે ૫ દરમિયાન ચાલશે. તાલીમાર્થીએ ડિપોઝીટ પેટે રૂા. ૫૦૦ ભરવાના રહેશે, જે તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ તાલીમાર્થીને પ્રમાણપત્ર સાથે પરત કરવામાં આવશે.

તાલીમ માટે તાલીમાર્થીએ સ્વખર્ચે આવવાનું રહેશે. સંસ્થા તરફથી બપોરે ભોજન અને સાંજે ચ્હા-કૉફીની વ્યવસ્થા વિનામૂલ્યે કરવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે, એમ સંસ્થા દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.



સ્વરા મ્યુઝીકલ મેલોડી ગૃપ દ્વારા ગાંધીનગર ટાઉનહૉલ ખાતે એક સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ઍવરલાસ્ટીંગ મૅલોડીયસ સોંગ્સ' શિર્ષક હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં મુંબઈથી ખાસ પધારેલાં ગાયિકા મૃદુલા દેસાઈ અને વત્સલા પાટીલે ઉપસ્થિત પ્રેક્ષકોને જૂનાં ગીતો પર ઝૂમવા મજબૂર કરી દીધા હતા. સાથી ગાયક કલાકાર તરીકે મહેશ શાહ, પ્રદીપ સોની, ઋતવિજ, શાયમ ગઢવી અને અલકા ઠાકુરે પોતાની કલાનાં અજવાળાં પાથર્યાં હતાં. સંગીત મઢી આ સાંજના પ્રસ્તુતકર્તા ગાંધીનગર નિવાસી પ્રદીપ સોની અને મહેશ શાહે પણ પોતાની ગાયકીથી પ્રેક્ષકોની ભરપૂર પ્રશંસા મેળવી હતી. સંદિપ ક્રિશ્ચિયનના સંગીત સંચાલનમાં ગાયકો પૂરા મૂડમાં ખીલ્યા હતા, જેના કારણે એક પછી એક રજૂ થયેલા ગીતોને વધુ ને વધુ પ્રતિસાદ મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન જાણીતા ઍન્કર મોહસીન શેખે કર્યું હતું.

# રાજ્યમાં બુદ્ધિસ્ટ ટુરિઝમ સર્કિટ માટે રાજ્ય સરકાર સક્રિય

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં વડનગર, દેવની મોરી જેવા સ્થાનોને જોડતી બુદ્ધિસ્ટ ટૂરિઝમ સર્કિટ કાર્યરત કરવાની દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે, એમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બુધવારે અમદાવાદમાં બુદ્ધ જયંતીએ આયોજિત વિશિષ્ટ સમારોહમાં જણાવ્યુંહતું. આ ઉપરાંત શહેરમાં પણ બુદ્ધ જયંતીએ બુદ્ધવંદના, શોભાયાત્રા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સંઘકાય ફાઉન્ડેશન, ગુજરાત અને રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા ભિખ્ખુ સંઘના પ્રેસિડેન્ટ ભંતે સદાનંદ મહાથેરો, ભંતે પ્રશીલરત્ન, મેયર ગૌતમ શાહ, મંત્રી આત્મારામ પરમાર ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે કરૂણા, દયા, પ્રેમ અને મોક્ષ સુધીની જીવન દિશા ચિંધવામાં ગૌતમ બુદ્ધનું સમાજ જીવન પર વિશેષ ઋણ રહેશે. ગૌતમ બુધ્ધની સાથે ભારતીય સંસ્કૃતિ અભિન્ન રીતે સંકળાયેલી છે તેની ભૂમિકા આપતાં તેમણે બુધ્ધમ્ શરણમ્ ગચ્છામિ, સંઘમ શરણમ્ ગચ્છામિ ધર્મમ્ શરણમ્ ગચ્છામિ, ત્રણેયનો સમન્વય જ વર્તમાન વૈશ્વિક સમસ્યાઓનો તારણ ઉપાય છે. સામાજિક સમરસતા અને શાંતિ માટે ગૌતમ બુદ્ધના વિચારો ગુજરાતમાં પ્રસ્તુત છે. મુખ્યમંત્રીએ સામાજિક સમરસતા સ્થાપીને વંચિત-દલિતોની સમાનતા માટે સંકલ્પબધ્ધતા વ્યકત કરી જણાવ્યું કે સામાજિક સમરસતા-શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા સમાજ વિરોધી તત્વોને જાકારો આપવાનો અનુરોધ કર્યો છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમારે ભારતમાંથી પ્રસરેલો બૌદ્ધ ધર્મ વિશ્વની સાંપ્રત સમસ્યાઓ સામે શાંતિનો સંદેશ આપતો ધર્મ છે તેની ભૂમિકા આપી જણાવ્યું કે ડૉ.બાબા સાહેબ આંબેડકરે પણ બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોને અનુસરીને સૌની શાંતિ-કલ્યાણની કામના કરી હતી. આ પ્રસંગે વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષ માટે મહેસાણા જિલ્લાના જયમાડી – રોહિતભાઈ રમણભાઈ ગગલભાઈને ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, આણંદ જિલ્લાની આદર્શ સંસ્કાર સમાજ સંસ્થાના મહાત્મા ગાંધી એવોર્ડ, અમદાવાદના શ્રી વિઠ્ઠલરાય નથુરામ શ્રીમાળીને સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ, સુરતના ડૉ. હેતલ જી. ચૌહાણને સાવિત્રીબાઈ ફૂલે દલિત મહિલા કલા/સાહિત્ય એવોર્ડ, જૂનાગઢના નિલેશ મંગાભાઈ કાથડને દાસીજીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

# ગુજકેટમાં ગણિતે વિદ્યાર્થીઓને મુંઝવ્યા

ગાંધીનગર, તા. ૧૧

શિક્ષણ બોર્ડ દ્વારા બુધવારે લેવામાં આવેલી ગુજકેટની પરીક્ષામાં ગણિતના પેપરમાં વિદ્યાર્થીઓ રીતસર રડી પડ્યા હતા. પેપર લેન્ધી અને અઘરું પુછાયું હોવાથી વિદ્યાર્થીઓ નિયત સમયમાં પેપર પૂર્ણ કરી શક્યા ન હતા. ઉપરાંત ટ્વિસ્ટ કરેલા પ્રશ્નોના લીધે વિદ્યાર્થીઓ અટવાઈ પડ્યા હતા. પેપરમાં વિદ્યાર્થીઓને ૧૦ પ્રશ્નો છૂટી ગયા હોવાનું જાણવા મળે છે. મેથ્સ ઉપરાંત કેમેસ્ટ્રીનું પેપર પણ થોડુંક ટફ પુછાયું હતું. જ્યારે બાયોલોજી અને ફિઝિક્સનું પેપર સરળ રહ્યું હતું. આમ, ફરીવાર ગુજકેટની પરીક્ષામાં મેથ્સના પેપરે વિદ્યાર્થીઓની 'અગ્નિપરીક્ષા' કરતા વિદ્યાર્થીઓના ચહેરા પડી ગયા હતા.

ગુજકેટની પરીક્ષામાં ગણિતનું પેપર ખૂબ જ અઘરું રહ્યું હતું. મોટાભાગના પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પુછવામાં આવ્યા હતા. જેથી તમામ પ્રશ્નોમાં વિદ્યાર્થીઓને ગણતરી કરવી પડે તેમ હોવાથી નિયત સમયમાં પેપર પુર્ણ કરી શકાય તેવું ન હતું. ગણિતમાં સંકલન વિભાગના પ્રશ્નો ખૂબ જ અઘરા રહ્યા હતા. આમ, ગણિતનું સમગ્ર પેપર મોટાભાગના વિદ્યાર્થીઓને અઘરું લાગ્યું હતું. ઘણા વિદ્યાર્થીઓને ગણિતમાં ૧૦ પ્રશ્નો લખવાના બાકી રહી ગયા હોય તેમ જાણવા મળે છે. આમ, ગણિતના પેપરમાં વિદ્યાર્થીઓ રીતસર રડ્યા હોવાનું જાણવા મળે છે.

ગણિતનું પેપર ટફ હતું. મોટાભાગના પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પુછાયા હોઈ વિદ્યાર્થીઓને પેપર લખવામાં સમય ખુટ્યો હતો. ઉપરાંત કેમેસ્ટ્રીનું પેપર પણ સામાન્ય કહી શકાય તેવું ટફ હતું. હોંશિયાર વિદ્યાર્થીઓને પણ ત્રણેક માર્કના પ્રશ્નો ટફ લાગ્યા હતા. જ્યારે એવરેજ વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીનું પેપર વધુ ટફ લાગ્યું હતું.

ગણિત પછી કેમેસ્ટ્રીનું પેપર સામાન્ય કહી શકાય તેવું ટફ હતું. જ્યારે ગુજકેટની પરીક્ષામાં ફિઝિક્સ અને બાયોલોજીનું પેપર એકદમ સરળ રહ્યું હતું. મોટાભાગના પ્રશ્નો સીધા જ ટેક્સબુકમાંથી પુછવામાં આવ્યા હોવાથી વિદ્યાર્થીઓને પેપર લખવામાં સરળતા રહી હતી. સામાન્ય વિદ્યાર્થીઓને પણ ફિઝિક્સ અને બાયોલોજીનું પેપર અત્યંત સરળ લાગ્યું હતું. આ બંને વિષયમાં વિદ્યાર્થીઓ સારો સ્કોર કરી શકશે તેવું વિષય નિષ્ણાતોએ જણાવ્યું હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બુધવારે લેવામાં આવેલી ગુજકેટની પરીક્ષામાં ફિઝિક્સ અને કેમેસ્ટ્રીમાં કુલ ૧,૩૪,૩૨૬ વિદ્યાર્થીઓ પૈકી ૧,૩૨,૪૭૨ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે બાયોલોજીના પેપરમાં કુલ ૬૮,૯૮૩ વિદ્યાર્થીઓ પૈકી ૬૭,૯૬૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ગણિતના પેપરમાં ૬૭,૮૧૫ વિદ્યાર્થીઓ પૈકી ૬૬,૮૯૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા દરમિયાન સમગ્ર રાજ્યમાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો.

# ઍંશી ટકા વસતી જ્યાં વસે છે ત્યાંનું એક દૃશ્ય




આપણે બધા ભણતા હતા ત્યારથી કેટલીક વાતો આપણા દિલોદિમાગ અને સ્મૃતિમાં લખાઈ ગઈ છે. જેમ કે ભારત કૃષિપ્રધાન દેશ છે, પાણી અને વાણી ચોખ્ખાં રાખો, અતિથિ દેવો ભવ, ગુરુ બિના જ્ઞાન નાહીં, જય જવાન જય કિસાન, ભારત મારો પ્રિય દેશ છે... વગેરે.

પ્રાથમિક શાળાકાળ દરમિયાન જે કંઈ પ્રાપ્ત થાય છે તે માણસને પૂરી જિંદગી સતત તરોતાજા દેખાય છે અને વધુ ઉમદા યાદો કદી હટી શકતી નથી. સમય જતાં માણસ નાગરિક બને, સમાજમાં સ્વતંત્ર રહેવા જાય ત્યાં સુધીમાં મોટા ભાગની કડવી વાસ્તવિકતા તને સમજાઈ જાય છે અને જીવન હળવું લાગતું હતું તે ભારે બોજ લાગવા માંડે છે. ભારતમાં સાત લાખથી વધુ ગામડાઓ છે અને આ બધાની આજીવિકાનો આધાર પણ ઍંશીથી નેવુ ટકા કૃષિક્ષેત્ર જ હોય છે. છતાં આપણું કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકોથી સૌથી વધુ સવાલો જોડાયેલા માલૂમ પડે છે. ખેતીપ્રધાન રાષ્ટ્રને ઘણીવાર ડુંગળી કે કઠોળની આયાત કરવી પડે ત્યારે ભાવ કાબૂમાં આવે છે તે પણ કડવી હકીકત છે. ભારતનું સુંદર ગામડું જાણે કે પ્રકૃતિ માતાની ગોદમાં રમતું-હસતું શિશુ... પણ આ શિશુ એટલે કે નાનું બાળક દયા આવે એવું થઈ ગયું છે. ધૂળિયા રસ્તા, અપૂરતી સવલતો, અધૂરાં સ્વપ્નો અને શ્રમનો ભાર ઊંચકી ગામના લોકો સમી સાંજે ખેતર, વાડી કે કામથી પરત આવે પછી નાનકડી બજારની જે બે-ચાર દુકાનો હોય ત્યાં રોજિંદું જીવન પાર પાડવા કંઈક ખરીદવા આવે છે. દુકાનની અંદર ડુંગળીનો ટોપલો છે, ગુટખા-બીડીના પટ્ટા લટકે છે, ડબ્બાઓમાં અનાજ-લોટ-ચોકલેટ-ચ્હા-ખાંડ રાખવામાં આવેલાં છે અને તેમાં ઉંદર ઝડપથી કૂદાકૂદ કરતા હોય છે. ત્યારે ખરીદનારા શ્રમિકો શું શું ખરીદ કરે છે તે નજરે જુઓ તો જ સમજાય કે ભારત કેવું અને શા માટે આવું છે?

એક નિરમા ગોટી, એક દૂધનું પાઉચ, દસ રૂપિયાની ચ્હા પત્તી, અઢીસો ગ્રામ ખાંડ, એક બીડીની જુડી, બોટલમાં વીસ રૂપિયાનું તેલ અને જે પૈસા વધે તેમાંથી તમાકુની પડીકી... બસ, આવી ખરીદી થાય અને ઘણાં તો માત્ર દુકાનની બહાર બે-ચાર સબ્જી રાખી હોય તે લઈ રવાના થાય છે. આવી દુકાનો મૉલ કરતાં વધુ ઉપયોગી હોય તેવો અહેસાસ થાય છે. આ સ્થિતિમાં એકાદ કલાક લોકોની ચહલપહલનું દૃષ્ટિ સ્થિર રાખી અવલોકન કરો તો સમજાય કે આપણે વિકાસથી કેટલા દૂર છીએ? ખેત ઉત્પાદન એટલે શ્રમ વત્તા ઈશ્વરની કૃપા. કેટલા ભય, પૂર્વ શરતો અને સિઝન વ્યવસ્થિત પૂરી થાય તો કદાચ સુખના દિવસો આવી જાય ખરા!

સાંજના ઝાલર ટાણે રામજી મંદિરમાં કે શિવજીના મંદિરમાં આરતી થાય કે સાચા ભક્તોનાં દર્શન અવશ્ય થાય છે. કારણ કે આ ભારતનું ગામડું છે, આત્મા છે એટલે અહીં દંભ-ડોળ નથી. ભગવા રંગ વિના પણ ખરી ભક્તિની જ્યોત ગામડે જરૂર જોવા મળે છે. બધા જ લોકો - પૂજારી, વાજિંત્રો વગાડનાર, દર્શન કરનાર - જીવનને અનુપમ રૂપ આપતાં પાત્રો જેવાં દેખાય છે. સુવિધાઓ ઓછી પરંતુ સંવેદનાઓ ઘણી અને સાચી એટલે ગામડું ભારતનો પ્રાણ કહેવાય છે. ગામના એટલે આપણા અને આપણા હોય ત્યાં પરાયાપણું ક્યાંથી ટકે? સુખ-દુખમાં જલદીથી દોડીને સહભાગી થાય એ ગામડિયા લોકો જીવનની ધન્યતાને પામી શકે છે. કૃષિ એ ગામડાંનો શ્વાસ છે, ધબકાર છે. તેમ છતાં કમનસીબે તેના માલિકો દેવામાંથી શા માટે બહાર નીકળી શકતા નથી તે કોઈ જાણી શક્યું નથી. ખેતપેદાશો જ્યારે વિપુલ માત્રામાં મળે કે માર્કેટમાં ભાવ ઊંટની જેમ ધીમેથી બેસી જાય અને સંગ્રહ કરવાના માળખાકીય અભાવને લીધે વચ્ચેના વર્ગ આ સ્થિતિને વટાવી લે તેથી ખેતી કરનાર પાયમાલ અને બીજી તરફ ઉપભોક્તા કંગાળ. આ આપણી કૃષિ ક્ષેત્રની નહીં ગમતી હકીકત છે. ગામડાઓમાં વીજળી મળી છે, ઈન્ટરનેટ મળ્યું છે, ઉમદા રોડ ઉપલબ્ધ થયા છે તેમ છતાં હવે લોકો ગામડાઓમાંથી નીકળી શહેરો તરફ કામની શોધમાં ઝડપથી ભાગી રહ્યા છે અને એટલે ગામડાઓ ભાંગી રહ્યાં છે.

દેશમાં જ્યારે વિકાસનો પ્રવેશ થાય ત્યારે તેની રોનક આવાં ગામડાઓ સુધી જવી ખૂબ જરૂરી છે. ગામનો ચોરો, શિવ મંદિર, નદી કિનારો કે તળાવ, પ્રાથમિક શાળા, પંચાયત કચેરી આ બધું સ્વાર્થથી જેટલું પર હશે એટલી સંસ્કૃતિ ત્યાં જીવંત રહેશે. કાળાં નાણાં જેટલી જ પીડા કાળાં કામોથી માણસોને થઈ રહી છે. પરંતુ ગામડાઓમાં હજી બે આંખની શરમનો કાયદો ચાલી રહ્યો છે. ગામડાઓમાં માનવમંદિરની મહત્તા છે એટલે જનજીવનમાં બબાલ નથી અને જે કંઈ છે તે રાજકીય ક્ષેત્રના પ્રભાવ કે અભાવના લીધે છે.

ભારતની અમીરી ગામડાઓમાં છે, શહેરોમાં તો શોષણ સ્થિર થયું છે. હવે, ખરા અર્થમાં કૃષિપ્રધાન રાષ્ટ્ર છે. તેને વધુ મજબૂત કરીશું? વ્યસનોમુક્ત ગ્રામજીવનનો મંત્ર ચલાવીશું? સૌ કોઈ આત્મચિંતન કરે.

**શેર આસ્વાદ**

મૂળ શોધ્યાં ના જડે
એનાં કદિ પણ
પીપળા જે ભીંત ફાડીને ઊગે છે
(શીતલ જોશી)



## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**